સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

વિકાસ-યોજનાઓની વાતો ગપાગપી ચાલે છે,
કેન્દ્ર-રાજય સરકારો વચ્ચે ઝપાઝપી ચાલે છે,
ચાલે છે ટપાટપી, નીચા સ્તરના નિવેદનોથી -
તંગ છે દેશ, પતંગ જેની કાપાકાપી ચાલે છે...

હાઈકુ

ચગે છે ઉંચે,
મૂલ્યો ને સિદ્ધાંતની -
પૂંછડી વિના...

ચગ્યા છે ખૂબ!
પ્રચારની હવાથી -
ખાસે ગૂલાંટ...

ચિંતન

શુનઃ પુચ્છ મિત વ્યર્થ જીવિત વિદ્યયા વિના ।
ન ગુહ્યગોપને શકતં ન ચ દંશ નિવારણે ॥

વિદ્યા વગરના મનુષ્યનું જીવન ફક્ત કૂતરાની પૂંછડી સમાન છે - જે પોતાનાં જ ગુપ્તાંગોને ઢાંકી પણ નથી શકતી કે પોતાનાં શરીર બેસતાં માખી-મચ્છરને ઉડાડી પણ નથી શકતી.

માણસ શિક્ષિત-સંસ્કારી હોય તો વિનય-વિવેક આપો-આપ આવે છે. વિદ્યાથી સાચા-ખોટાંના નિર્ણય (એને પણ વિવેક કહેવાય) કરી શકે છે. ક્યારે-ક્યાં શું બોલવું ન બોલવું એ પણ એક વિવેક છે.

જેની પાસે વિદ્યા નથી એવો અજ્ઞાની પોતાના બધા કુસંસ્કાર-અવિવેક માત્ર થોડું બોલતાં જ ખૂલ્લા કરી નાખે છે. સમજુ લોકો એને તાગી-માગી લે છે કે ભાઈ/બાઈ કેટલામાં છે! આમ આવિદ્યા પોતાના દુષ્ણો ને ઢાંકી નથી શકતી.

અહીં કૂતરાની પૂંછ સાથે યોગ્ય રીતે 'અજ્ઞાની' ની સરખામણી કરી છે.

સુવિચાર

- જીવન એટલે ઝૂઝવું, શોધવું, પામવું અને અણનમ રહેવું - **પૂજ્ય મોટા**
- માનવ જીવન ધુમ્મસ જેવું હોય છે, એ થોડીવાર માટે ચારેબાજુ છવાઈ જાય છે, પણ એકાએક અદૃશ્ય થઈ જતાં એને વાર નથી લાગતી - **સમયસૂત્ર**
- જીવન આપણે ધારીએ છીએ એટલું દુઃખમય નથી પણ એને ધારીએ છીએ એટલું સુખમય જરુર બનાવી શકાય - **એસ.ભટ્ટાચાર્ય**
- પ્રેમ, યુદ્ધ અને ક્રાંતિમાં માત્ર અસરકારક વિચારો જ જીતે છે - **પાબ્લો નિરૂદા**
- આપણને જે પૂરતા પ્રમાણમાં નથી મળતો એ પ્રેમ છે અને આપણને પૂરતા પ્રમાણમાં આપતા નથી એ પણ પ્રેમ જ છે - **મૃગાંક શાહ**
- તુમ ન ચલે એક કદમ ઔર ફાંસલે બઢતે ચલે... એક કે બાદ એક દિન જુદાઈ કે સાલ બનતે ચલે- **નિદા ફઝલી**
- આજનું ઔષધ : બદામનું તેલ નવશેકું ગરમ કરી કાનમાં નાખવાથી તમરાં બોલતાં બંધ થાય છે

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

ગુરુની કૃપા થાય, હૃદયમાં પ્રેમ ઊભરે અને અંતરના આશીર્વાદ મળે તો બધી જ કૃપા-વિદ્યા આપોઆપ મળી જાય.

જાપાનના એક પ્રખ્યાત તલવારબાજનો પુત્ર હતો. તેનું નામ 'મતાયુરા' તે અવિનયી અને આળશુ હતો. તેથી તેના પિતાએ તેને તલવારબાજી શીખવવાની ના પાડી દીધી.

મતાયુરો, બીજા તલવાર ગુરુ બ્રાંઝોના આશ્રમમાં દાખલ થયો. બ્રાંઝો એ કહ્યું, પહેલાં 'દિક્ષા' ગ્રહણ કર- મારી સેવા કર તને, યોગ્ય થશે તો વિદ્યા આપીશ.

દસ વર્ષ સેવામાં ગયાં - મતાયુરો ગુરુની હૃદયપૂર્વક સેવા કરતો એક સાંજે વિદ્યા ન મળવાથી - દુખી થઈ રડતો હતો. બ્રાંઝો ત્યારે લાકડાંની બે તલવાર લઈ આવ્યા અને એક મતાયુરો સામે ફેંકી કહ્યું, લે! હું તારા પર વાર કરીશ. તું બચવાનો પ્રયત્ન કરજે.

લડાઈ આખી રાત ચાલી. બસ, એક સપ્તાહ આવો જ ક્રમ રહ્યો, ગુરુ બ્રાંઝો અને મતાયુરો આખી-આખી રાત લડતા રહ્યા, કોણ જાણે મતાયુરોને ક્યારે દિવ્યશક્તિ પ્રાપ્ત થઈ ને ગુરુજીને હરાવી દીધા!

ગુરુ પ્રસન્ન થયા. પછી મતાયુરો જાપાનનો સર્વશ્રેષ્ઠ તલવારબાજ તરીકે પ્રખ્યાત થઈ ગયો.

સંક્રાંતિનો સંદેશ : જીવો અને જીવવા દો

તંત્રીસ્થાનેથી....

સૂર્ય છે તો સૃષ્ટિ છે. સૂર્ય છે તો જીવન છે. શાસ્ત્રમાં સૂર્યને ગ્રહમંડળનો રાજા કહ્યો છે અને જયોતિષમાં એને આત્માનો કારક ગણ્યો છે. સૂર્ય મેષ રાશિમાં ઉચ્ચનો બને છે, સિંહ રાશિમાં સ્વગ્રહી બને છે અને ધન તથા મીન રાશિમાં હોય ત્યારે શુભ કાર્યો નિષિદ્ધ ગણાય છે. સૂર્યનો મકર પ્રવેશ માંગલિક ગણાયો છે. પરમ પ્રતાપી ભીષ્મ પિતામહને ઈચ્છામૃત્યુનું વરદાન હતું. એટલે મહાભારતના સમરાંગણમાં વહેલા હણાયા ત્યારે સૂર્ય મકરનો થાય ત્યાં સુધી એમણે બાણશૈયા પર સૂઈ રહેવાનું પસંદ કર્યું હતું. સૂર્ય ચેતનાનો પુંજ છે અને એની ઉર્જાથી જીવ માત્રને પોષણ સાંપડે છે. ઊર્ધ્વ ચેતનાના પ્રતીક પર્વ લેખે ઊજવાતી મકર સંક્રાંતિને દિવસે પતંગ ઉડાડવાની પ્રથા આ કારણસર જ પડી હોવી જોઈએ. ઉત્કાંતિના કોઈ એક તબક્કે મનુષ્ય સૂર્યને પણ મહાત કરી શકશે - ભલે ને તે હિલિયમ જેવા ધગધગતા વાયુનો ગોળો હોય!

આપણા પૂર્વસૂરિઓનો વાયુપુત્ર હનુમાન દ્વારા બાલરવિને મીઠુંમધુરું ફળ ગણી ગળી જવાની મનોહર કથા રચેલી છે : 'લીલ્યો તાહિ મધુર ફલ જાનૂ ' - ઉત્તરાયણમાં આવી ઊર્ધ્વચેતનાને સંકોરવા આપણે પતંગ ઉડાડીએ છીએ. આકાશ આખું રંગબેરંગી પતંગો અને તુક્કલોથી ભરાઈ જાય છે. પરંતુ એથી પેલાં નિર્દોષ નભચર પક્ષીઓ કેવી મુસીબતમાં મુકાઈ જાય છે! આપણા મનોરંજન ખાતર એ નિર્દોષ જીવોની જિંદગી જોખમમાં મુકાઈ તે કેવી વિડંબના છે! એટલે ગુજરાત સરકાર એક તરફ પ્રવાસન ઉદ્યોગ વિકાસાવવા અને ભારતીય સાંસ્કૃતિક પરંપરાઓનું જતન કરવા છેલ્લાં ઘણાં વર્ષોથી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ જરુર યોજે છે - એમાં ભાગ લેવા વિદેશી પતંગરસિયા પણ હોંશે હોંશે દોડી આવે છે, પરંતુ એની 'સાઈડ ઈફેક્ટ' સ્વરુપે આ પવિત્ર પર્વના દિવસે હજારો નિર્દોષ પક્ષીઓની પાંખો વેતરાઈ જાય છે, ઘણા રાહદારીઓ કે સ્કૂટર સવારોનાં ગળાં રહેંસાઈ જાય છે. તેથી ગુજરાત સરકારે આ વર્ષે ખાસ જાહેરખબર આપી પક્ષીઓ માટે એમનું આકાશ સુરક્ષિત રાખવાની અપીલ કરવી પડી છે. કાચ પાયેલી દોરીને બદલે સુતરાઉ દોરી વાપરવાની તથા પક્ષીઓની વિશેષ અવરજવરના સવાર-સાંજના કલાકો દરમિયાન પતંગ નહીં ચગાવવાની સલાહ આપી છે. વળી વૃક્ષો અને વીજ તાર કે ધાબાં પર લટકતા કપાયેલા પતંગો ઉતારી દેવાનું સૂચન કર્યું છે, જેથી પક્ષીઓ પાછળથી એમાં ભરાઈ ન પડે, ફસાઈ ન જાય. તેમ છતાં, આવી દુર્ઘટના બને તો એ માટે એમના ત્વરિત રેસ્ક્યુ - બચાવ માટે શું કરવું જોઈએ એવું પણ માર્ગદર્શન અપાયું છે. રાજય સરકારની આ જીવદયા - 'જીવો અને જીવવા દો' વૃત્તિને આપણે આવકારીએ. એથી તદ્દન ઊલટું, તમિલનાડુમાં 'પોંગલ' ની ઉજવણીના ભાગ રુપે પરંપરાગત રીતે ચાલી આવતી ક્રૂર જલીકટ્ટુની રમત સામે સર્વોચ્ચ અદાલત સુધીની ન્યાયિક સંસ્થાઓની મનાઈ હોવા છતાં મુખ્યમંત્રી જયલલિતાએ વડાપ્રધાનને પત્ર લખી આ પ્રથા ચાલુ રાખવા માટે અધ્યાદેશ જારી કરવાની માગણી કરી છે. જલીકટ્ટુમાં આખલાઓને ભડકાવી એમને વશ કરવાની હરીફાઈ થતી હોય છે. ભડકેલા આખલા પાછળ લોકોની ભીડ દોડતી હોય છે, એનાં શીંગડાં પકડી એને હંફાવનાર વિજેતા ગણાય છે. કાળા માથાના માણસમાં સમસ્ત સૃષ્ટિ મુઠ્ઠીમાં કરી લેવાની જન્મજાત વૃત્તિ રહેલી છે, જેનું વરવું પ્રદર્શન સ્પેનની બુલફાઈટમાં અને તમિલનાડુની જલીકટ્ટુ જેવી ક્રૂર રમતોમાં જોવા મળે છે. આ બધું પાછું ધર્મ અને આસ્થાના નામે કરાતું રહે છે! તે જરુરી નથી શું?

ગોળ, તલ અને શેરડી - સ્વાસ્થ્યની દૃષ્ટિએ

આજે ઉત્તરાયણ. આપણો મનગમતો તહેવાર. જો તહેવારોનું કાઉન્ટડાઉન કરવામાં આવે તો કદાચ દિવાળી પછી ઉત્તરાયણનો નંબર આવે. એમાંય પાછો ચાર દિવસનો રજાનો મેળ, એટલે તો સોનામાં સુગંધ. આપણે ત્યાં દરેક તહેવારોની એક ફ્લેવર હોય છે. દિવાળી કે હોળી કે રક્ષાબંધન કે પછી બીજો કોઈ પણ તહેવાર. પણ આ બધામાં ઉત્તરાયણની ફ્લેવર અલગ જ તરી આવે. ચીકી, મમરાના લાડુ, શેરડી, બોરથી લઈને ઊંધીયું અને જલેબી સુધી બધું જ ફીક્સ હોય.

આજે આપણે ઉત્તરાયણને આનુષંગિક બે ખાદ્ય પદાર્થો તલ અને શેરડી વિશે થોડું જાણીએ. તલ રસાયણ ઔષધ છે. આયુર્વેદમાં તેનો ખુબ મહિમા ગવાયો છે. તલનું તેલ શ્રેષ્ઠ બલપ્રદાન કરનારું છે. માલિક કરવાના તેલોમાં તલનું તેલ શ્રેષ્ઠ છે. આહાર તેમજ ઔષધ બંને રીતે તલ ઉત્તમ છે. તલ સ્નિગ્ધ છે. ઈનફેક્ટ 'તેલ' શબ્દ પણ તલ પરથી જ ઉતરી આવેલો છે.

આચાર્યોએ તલને અનેક રોગોમાં ઉપયુક્ત કરેલ છે, જેમ કે કબજીયાત, વાયુને લગતા રોગો, ચામડીના રોગો, જાતી નબળાઈ, પાચનતંત્ર માટે પોષક, બુદ્ધિવર્ધક આદિ. દાંતોને મજબૂત કરવા માટે કાળા તલને (એક મૂઠ્ઠી ભર) રોજેય ચાવવા (ચૂબ ચાવવા) અને તેના પર પાણી પીવું. સાંધાના દુખાવામાં તલ, સૂંઠ અને ગોળના મિશ્રણવાળી ગોળી ઉપયોગી છે. તલના માલિશના ફાયદાઓ પણ આપણા બધાને ખબર જ હશે. તલને ગોળ સાથે લેવાથી ખૂબ શક્તિ મળે છે. તલ સાંકળી કે તલના લાડુ એટલે જ ખવાતા હશે.

પહેલું સુખ તે જાતે નર્યા
ડો. કેદાર ઉપાધ્યાય

શિયાળામાં તલ લેવાથી શરીર સ્નિગ્ધ રહે છે. (ડ્રાયનેશ ઓછી થાય છે.) વળી, સૂર્યનો મકર રાશિમાં પ્રવેશ તેમજ ઉત્તર તરફ ગમન (અયન) ક્રમશઃ શરીરની શક્તિ ક્ષીણ કરે છે તેમજ શરીરમાં વાયુની વૃદ્ધિ કરે છે. આ બંને સામે રક્ષણ આપે છે. તલ અને ગોળ, એટલે કે તલસાંકળી. આમ, તલ સાંકળી આ સિઝનનો પરફેક્ટ 'ડાયેટ' કહી શકાય.

ઉત્તરાયણનો આવો જ બીજો ડાયેટ એટલે શેરડી. સંસ્કૃતમાં તેને 'ઈક્ષુ' કહે છે. શેરડી કોને ન ભાવે? પ્રાણીમાત્રને શેરડી સર્વપ્રિય હોય કે નહીં એ તો ન કહી શકાય પણ અપ્રિય તો નહીં જ હોય. આપણે ત્યાં શેરડીની ખેતી પણ સારી એવી થાય છે. તેમજ તેના દ્વારા બનાવાતા ખાંડ અને ગોળના ઉદ્યોગો પણ ઠીક પ્રમાણમાં વિકસ્યા છે.

શેરડીના ગુણોની વાત કરીએ તો શેરડી કફ અને મૂત્રને વધારનાર, શક્તિ આપનાર, વાયુને દૂર કરનાર, પિત્તનું શમન કરનાર, હૃદયને પોષણ આપનાર, મૂત્ર શુદ્ધ કરનાર, તેમજ તર્પણ કરનાર છે. શેરડીમાંથી પ્રોસેસ કરીન ગોળ બનાવવામાં આવે છે. હાલ તો ગોળમાં ઢગલાબંધ રસાયણો પણ મેળવવામાં આવે છે પરંતુ મૂલતઃ ગોળના ગુણો જોઈએ તો ગોળ બલદાયક, પોષણ કરનાર, વાયુને દૂર કરનાર, મેધ વધારનાર છે. નવો ગોળ કફ-શરદી-શ્વાસ-કૃમિ કરનારો છે. જયારે જુનો ગોળ પચવામાં હસકો, પિત્તને દૂર કરનાર, તેમજ બલદાયક છે. જુના ગોળનું આદુ સાથે સેવક કરવાથી કફનું હરડે સાથે સેવાન કરવાથી પિત્તનું તેમજ સૂંઠ સાથે સેવન કરવાથી વાયુનું શમન થાય છે.

આમ, ઉત્તરાયણમાં ખવાતા તલ, ગોળ અને શેરડી ખરેખર સ્વાસ્થ્ય માટે ઉત્તમ છે. સીઝનની દૃષ્ટિએ જોતા શેરડી અલ્પ માત્રામાં ખાઈએ તો સારું, નહિંતર શરદી થવાના ચાન્સીસ વધી જાય. જૂનો ગોળ સારા પ્રોવિઝન સ્ટોરમાંથી મળી રહે છે. તેનો જ ઉપયોગ કરવો. તલ, ગોળ અને શરેડી વિષે આટલું જાણ્યા પછી તેને ખાવાની ઓર મજા આવશે... હેપ્પી ઉત્તરાયણ...

આકાશમાં રંગોળી

મનના ઉમંગો
રણછોડ પરમાર

કોઈ વાર મનુષ્યને આકાશમાં રંગો પૂરવાની ઈચ્છા થઈ હશે? રોજેરોજ એક જ જાતનું નીલા રંગનું આસમાન જોઈને એમાં લાલ, પીળો, વાદળી, ગુલાબી, કેસરી, લીલો, જાબુંડી, કાળો એવા વિવિધ રંગો ભરવા જોઈએ. પરંતુ આકાશમાં રંગો પૂરવાનું કામ કંઈ ડાબા હાથનો ખેલ નથી તે આ બે પગ પર ચાલતો આદમી બહુ સારી રીતે સમજતો હશે છતાં એમાં રંગ કેવી તીરે ભરવા એવું એ કાયમ વિચારતો રહ્યો હશે? ઉગતી ઉષા, આથમતી સંધ્યા અને નીતનવી રંગછટાઓ સર્જવા વાદળાં એ પોતાના સર્જનકાળથી કાયમ જોતો આવ્ય છે. એમાં કશુંક નવીન કરવાનું એને જરુર મન થયું હશે. આવડા મોટા આભલામાં પીંછીના લસરકા લાગે નહીં, પિંચકારીની સેર એટલે આઘે પહોંચે નહીં. જુદા જુદા રંગના પતાડકા ચોંટાડવા હોય તો કેટલા ચોંટાડવા અને કયાં ચોંટાડવા અને કેવી રીતે ચોંટાડાવા તેવા વાતે વાતે પ્રશ્નો થાય. લાંબી મથામણના અંતે એણે પતંગ શોધી કાઢ્યો હશે. કેટલી સહેલાઈથી હજારો રંગ ઊંધી કટોરીમાં લહેરાવી શકાય રંગો આકાશમાં ઉડે એટલું જ નહીં લટકમટક ચાલ ચાલે, દોડે, ફલાંગો મારે, એકબીજા સાથે અથડાય, બાઝે, શહીદ થાય, કુશળ તરવૈયાની જેમ ઊંધે માથે ડુબકી લગાવે. એના જેવી કલાકારીગરી તો દરિયામાં આખું જાવનપસાર કરતી માછલીઓ પણ ના બતાડી શકે. આકાશ જાયરે પતંગોથી છવાઈ જાય છે ત્યારે પરમકૃપાળુ પરમાત્માના હૈયામાં પણ અનેક રંગો ઊભરાય છે અને એમના હોઠો પર મંદ મંદ હાસ્ય લહેરાય છે.

ઘણીવાર મને વિચાર આવે છે કે ઉડતા પક્ષીને જોઈને જ આ કાળા માથાના માનવીને આકાશમાં ઉડવાનો વિચાર આવ્યો હશે ને? શાંત અને ધીર ચિત્તે ધીરે ધીરે ઘુમરીઓ ખાતી સમડીઓને ભાળતાં એનાં મનમાં કેટકેટલા વિચારો ઘુમરાયા હશે? પોતાના પીંછાના ભારથી માંડ એક વાંસ જેટલું ઊડીને ફડફડાટ કરતાં મોરને જોઈને, તળઆવ પર નજર ચોંપીને એકાએક માછલું આંખે ચડતા તત્ક્ષણ પડતું મુકતા શકરા બાજને નિહાળીને, કાંકરી હાથમાં લેતાં પહેલાં જ કા..કા.. કરતા ઊડી જતા કાગડાને ભાળીને કે હારબંધ કતારમાં લયબદ્ધ પાંખો ફફડાવતા દેશ-પરદેશની ભાવનાઓને વાટમાં આવતા બધા દેશોને વહેંચતા આવતા સારસ પંખીઓને જોઈને મનુષ્ય મનોકાશમાં તો લાખો વાર ઉડ્યો હશે, કંઈક કરવું જોઈએ તેવી લાલસા એના હૃદયમાં સદા ભભૂકતી રહી હશે. ઉડી શકાય નહીં તો કંઈ નહીં કંઈક ઉડાડવું જોઈએ એવો ખ્યાલ જે ક્ષણ તેના મગજને સ્પર્શ્યો હશે એની ઝણઝણાટીથી પતંગનો જન્મ થયો હશે. રંગોની માયા તો માણસને અનાદિકાળથી રહી છે, એ માયાનો રંગ જ પતંગ બનીને ઊડવા લાગ્યો છે. માયાના રંગોથી રંગાયેલો અને ઈશ્વરની માયાથી જનમેલો આદમીને આભલામાં માયાના રંગો ઉડાડતો જોઈને પ્રભુ પણ મંદ મંદ મલકાતો હશે... તત્ત્વજ્ઞાનીઓનું શું કહેવું છે તેની ફિકર આપણે શા માટે કરવી જોઈએ? તો ઉપડો સત્વરે, ધાબા ઉપર ખુલ્લી હવા અને ઉઘાડુ આકાશ તમારી રાહ જોઈ રહ્યું છે.

એક મિનિટ, એક મિનિટ મિત્ર! તમારે ધાબે જઈને પતંગ ચગાવવા હોય તો અમને કોઈ હરકત નથી, ખુશીથી ચગાવો. પહેલાં એમને એ જણાવો કે તલના લાડુ ખાધા કે નહીં, તલ અથવા મગફળી અથવા ચીક્કી ચાખી કે નહીં! તમારા શ્રીમતી ઊંધિયું ઘેર બનાવવાના છે કે તૈયાર લાવીને ખાવાનું છે? જલેબી તો બહારથી જ લાવવી પડશે ને? એ બધું બરાબર તપાસીને પછી ધાબે જવાના પગથિયા ચડવાનું શરું કરજો, નહીંતર બરાબરના પેચ જામ્યા હશે ત્યારે જ નીચેથી બૂમ પડશે અને વગર વાંકે બિચારા પતંગને કપાઈ જવુ પડશે. એટલે... એટલે... અને જો થોડાક સમય હોત તો આપને હરહંમેશ આકાશમાં રંગો પૂરનારા એક (સદાકાળ એક) રંગરેજની ઓળખાણ કરાવું, આવો.

એ તો એજ

આગળ આગળ અંધારા,
ને પાછળ પાછળ તેજ,
એવો કોણ છે રંગરેજ?
એ તો એ જ, એ તો એ જ,
એ તો એ જ, એ તો એ જ...
જીવન એક જ મહાકથા છે અસંખ્ય એના એજ,
લીટી લીટી શબ્દે શબ્દે હું ને તે આમેજ,
જ્યાં દેખો ત્યાં એ જ.
એ તો એ જ, એ તો એ જ,
એ તો એ જ, એ તો એ જ...
સાથે વસતાં, સાથે રહેતાં, એક જ પોઢણ સેજ,
વહેલો વહેલો હું જાગું તો...
હું જાગુ તો અંધારું ને એ જાગે તો તેજ
તે જાગે તો તેજ
એ તો એ જ, એ તો એ જ,
એ તો એ જ, એ તો એ જ...

- 'સાબિર' વટવા

સ્વામીજી જરૂર જન્મજાત પ્રતિભાસંપન્ન હતા જ એમાં બેમત નથી પરંતુ એ વાત ન ભૂલશો કે ૯૯ ટકા પ્રતિભાનો આધાર પરિશ્રમ હોય છે, ફક્ત ૧ ટકો પ્રતિભાનો આધાર પ્રેરણા હોય છે, વિવેકાનંદજી તો અથાક પરિશ્રમના પર્યાય હતા

લાગણીનો મેળો
રસિક વાળંદ

... માનવ રૂપે કોણ તું અવતર્યો?
તવ વાણીમાં ગુંજે પ્રતિઘોષ અનંતનો
જ્ઞાનનો ભંડાર તું, સત્યનો ટંકાર તું,
તું જ લોચનમાં દિક દિગંતનો તેજ અંબાર...

- દિગંબર સ્વાદિયા

('સાવિત્રી' મહાકાવ્યની પંક્તિઓનો અનુવાદ)

બારમી જાન્યુઆરી, સ્વામી વિવેકાનંદ જન્મજયંતી - "રાષ્ટ્રીય યુવાદિન" યુવાશાક્તિના આદર્શ, સમગ્ર વિશ્વમાં ભારતની આધ્યાત્મિકતાનો દિગ્વિજય કરનાર, ૧૯મી સદીના યુગ પુરુષ એટલે સ્વામી વિવેકાનંદ.

આ મહામના વિશ્વવિભૂતિનો જન્મ ૧૨મી જાન્યુ.૧૮૬૩ના રોજ કોલકાતામાં થયો હતો. પિતા વિશ્વનાથ કોલકાતા હાઈકોર્ટના વકીલ હતા અને માતા ભુવનેશ્વરી ધાર્મિક વૃત્તિનાં હતાં. કાશીના સ્વયંભૂ જ્યોતિર્લિંગ વિરેશ્વરનાં શિવભક્ત હતાં આરંભના વર્ષોમાં પાશ્ચાત્ય તત્વજ્ઞાન ને વિજ્ઞાનનો ગહન અભ્યાસ કર્યો. અથાગ પરિશ્રમ કરી જગતના તમામ ધર્મી અને સાહિત્યનું જ્ઞાન મેળવ્યું. જીવનના પ્રારંભથી સત્યની શોધ આદરી હતી. એમનો આદર્શ હતો નચિકેતા. એનું તેજસ્વી જીવન એમના માટે પ્રેરણારૂપ બની ગયું હતું. જેમ સત્યની શોધમાં નચિકેતાએ યમરાજના બારણાં ખખડાવ્યા હતા એમ સ્વામીજી બાળક હતા ત્યારે પણ ઉચ્ચકોટિના સાધુ-સંતો, મહંતો પાસે પહોંચી અવનવા જિજ્ઞાસાપૂર્ણ પ્રશ્નો પૂછી તેનું સમાધાન કરવા મથતા.

દોસ્તો, કોલકાતામાં કોલેજના અંગ્રેજી પ્રોફેસર મિ. હેસ્ટી પોતાના તાસમાં વર્ડ્ઝવર્થની કવિતામાં વર્ણવાયેલો એક અનુભવ સમજાવતા હતા. તેમાં તેમને કહ્યું ...."આવો અનુભવ અંતરની શુદ્ધિ અને એકાગ્રતામાંથી નિષ્પન્ન થાય છે અને તે વિરલ હોય છે. વર્તમાન દિવસોમાં મેં એક જ એવી વ્યક્તિને જોઈ છે જેમણે અંતરની આવી વિરલ સ્થિતિ અનુભવી છે. અને તે છે દક્ષિણેશ્વરના શ્રી રામકૃષ્ણ પરમહંસ. તમે ત્યાં જઈને તમારી આંખે સમજી શકશો" દૈવનિર્મિત આ શબ્દો હતા કારણકે એ વર્ગમાં બેઠેલા નરેન્દ્રનાથ એ શબ્દો સાંભળી ત્યાં ગયા, જોયું અને જિતાઈ ગયા! દૂરગામી પરિણામો આપનારી એ અત્યંત મહત્વની મુલાકાત બની કારણકે તેણે માત્ર નરેન્દ્રનું જીવન બદલ્યું તેમ નહિ પણ હિંદુ ધર્મના ઈતિહાસમાં એક નવા પ્રકારનો ઉદય થયો. નરેન્દ્રમાંથી વિવેકાનંદનું રૂપાંતર થયું એ હતો વર્ગખંડના શબ્દોનો પ્રભાવ!

સ્વામી વિવેકાનંદે પોતાના જીવનવ્યવહારથી શીખવ્યું કે તન,મન અને બુદ્ધિથી જે સ્વસ્થ હોય તે જ સાચો યુવાન. આદર્શ યુવાન વિશે સ્વામીજીના શબ્દો હતા, "એની માંસપેશીઓ અને શિરાઓ પોલાદની બનેલી હોય છે. એમાં વસતું હૃદય એવી ધાતુનું બનેલું હોય છે, જે ધાતુથી આકાશમાં વીજળી પડી શકે છે." સ્વામીજીએ મજબૂત શરીર માતા-પિતા પાસેથી વારસામાં મળ્યું હતું, પરંતુ એમણે એ શરીરનો વિકાસ નિયમિત વ્યાયામ કરીને કર્યો. એમના પરિવ્રાજક જીવન અને વિદેશ પ્રવાસ દરમ્યાન એ શરીર એવું જ પોલાદી રહ્યું. એમની પાસે માર્ગદર્શન માટે આવનાર સૌને કહેતાં - "પરમાત્માની અનુભૂતિ પામવાનું ઈચ્છતા હોય તો સૌ પ્રથમ શરીરને મજબૂત કરો." એકવાર એક શારીરિક રીતે નબળો યુવાન એમની પાસે ગીતાનું જ્ઞાન મેળવવાની જિજ્ઞાસાથી આવ્યો. એમણે એ યુવાનને કહ્યું, "તમે ફૂટબોલ રમો, તમારી ભૂજાઓ અને પેશીઓ પુષ્ટ થશે ત્યારે જ તમને ગીતા સારી રીતે સમજાશે. તમારા શરીરમાં શુદ્ધ,સ્વસ્થ રક્તનો સંચાર થશે ત્યારે તમને શ્રીકૃષ્ણના તેજ અને તેમની ઉર્જાનો અભ્યાસ થશે" આમ અચાર અને વિચારમાં સામંજસ્ય ધરાવતા સ્વામીજીના મન-બુદ્ધિ સંપૂર્ણપણે ખીલેલાં હતાં. સર્વને સર્વને સંમોહિત કરી દે એવું પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વ હતું.

અરે, છેક ઈંગ્લેન્ડથી મૂળ આયર્લેન્ડની યુવતી માર્ગારેટ નોબલ જીવનની બધી સુખ સુવિધાઓ છોડી સ્વામીજીના પ્રભાવક્ષેત્રમાં ભગિની નિવેદિતાના રૂપે ઉભરી આવી. પશ્ચિમનું એક હૃદય પૂર્વને સમર્પિત થઈ જાય. આ એક અનન્ય ઘટના છે. ભગિની નિવેદિતાનું જીવન આપણા સૌ માટે પ્રેરણારૂપ છે.... એમના ઋણને કદાપિ ભૂલી ન શકાય!!!

એકવાર રસ્તે ચાલતાં વાંદરો પાછળ પડ્યો ઘણું દોડ્યા થાક્યા ને આખરે અદબભેર અડગ ઉભા રહી. વાનર પાછો વળી ગયો.... શીખ મળી..... મુશ્કેલીથી ગભરાશો નહિ મક્કમતાથી સામનો કરો.... સ્વામીજીને યાદ કરીએ ને આંખ સામે અદબભેર અડગ વિવેકાનંદજીનું ચિત્ર માનસપટ પર આવી જ જાય.....

મિત્રો, સ્વામીજી જરૂર જન્મજાત પ્રતિભાસંપન્ન હતા જ એમાં બેમત નથી પરંતુ એ વાત ન ભૂલશો કે ૯૯ ટકા પ્રતિભાનો આધાર પરિશ્રમ હોય છે. ફક્ત ૧ ટકો પ્રતિભાનો આધાર પ્રેરણા હોય છે. વિવેકાનંદજી તો અથાક પરિશ્રમના પર્યાય હતા.

આ દેશનું કમનસીબ સ્વામીજી માત્ર ૩૯ વર્ષની સાવ અલ્પાયુ એ ભર યુવા વયે તા - ૪ જુલાઈ ૧૯૦૨ ના રોજ અકાળે અવસાન પામ્યા.... આજે તેઓ નથી પરંતુ તેમણે ભારતવાસીઓને આપેલ જીવન સંદેશ આજે પણ એટલો જ પ્રસ્તુત છે.

"આ જગ તમને સોંપુ છું"

ઓહ! ભારતમાં આપણે ગરીબો વિશે કેવા ખ્યાલ રાખીએ છીએ કે તેનો વિચાર કરતાં મારા હૃદયમાં શી શી વેદના થતી હતી? પોતાના વિકાસ માટે તેમને કોઈ તક મળતી નથી, ભારતમાં ગરીબોને મિત્રો કે મદદ મળતાં નથી. ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ તેઓ ઉંચે ચડી શકતાં નથી. દિન પ્રતિદિન, નીચે ઉતરતા જાય છે. ક્રૂર સમાજે વરસાવેલા ફટકા તેમને વાગે છે. પણ તે ક્યાંથી આવે છે તેની તેમણે ખબર નથી.

હિંદુ ધર્મ જેટલા ઉચ્ચ સ્વરે, પૃથ્વી પર બીજા કોઈ ધર્મે મનુષ્યના ગૌરવનો પોકાર કર્યો નથી. અને છતાં પૃથ્વી પર અન્ય કોઈ ધર્મે હિંદુ ધર્મની જેમ નીચલાં વર્ણો પર જુલમ ગુજાર્યો નથી. આમાં દોષ ધર્મનો નથી. દોષ છે ધર્મને આચરણમાં ઉતારવાની આશક્તિનો, સહાનુભૂતિ અને પ્રેમના અભાવનો.

મારા હૃદય પર આ બોજો ધારણ કરીને બાર બાર વર્ષો સુધી હું ભટક્યો છું. કહેવાતા મોટા માણસો અને ધનિકોને ઘેર ધક્કા ખાધા છે સહાયની શોધમાં, લોહી નીંગળતા હૃદયે, અરધી દુનિયા ઓળંગીને હું આ પરદેશની ભૂમિ પર આવેલો છું. આ ભૂમિમાં ટાઢથી, ભૂખથી ભલે મારું મૃત્યુ થાય, પણ અજ્ઞાની અને દલિતો કાજે નો આ જંગ હું તમોને વારસામાં સોંપું છુ. અત્યારે આપણે જ ભગવાન પાર્થ સારથિના મંદિરમાં જાઓ અને ગોકુળના દીન ગોવાળિયાઓના જે મિત્ર હતા, જેણે અત્યંજ

અનુસંધાન પાના નં. ૭ પર